ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

પંચમહાલ-દાહોદ

મંગળવાર ૬ ઓક્ટોબર, ૨૦૨૬ | દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785

સંક્ષિપ્ત સમાચાર

કાલોલ તાલુકાના મોટી શામળદેવી ગામમાં મેગા આરોગ્ય કેમ્પનુ આયોજન કરાયું



કાલોલ : રવિવારે પ્રાથમિક શાળા, મોટી શામળદેવી ગામ માં એસ. એમ. એફ. જી ઇન્ડિયા ક્રેડિટ ના સહયોગ થી ચાલતા હેલ્પ એજ ઇન્ડિયા ના ગોધરા એમ.એચ.યુ દ્વારા મેગા આરોગ્ય કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કાલોલ તાલુકા મહામંત્રી વિરેન્દ્ર સિંહ પરમાર તથા શામળદેવી ના સરપંચ મહેશ ભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા અને તેમના દ્વારા ખૂબ જ સહયોગ મળ્યો હતો. કેમ્પ માં બાળકો ના ડોક્ટર દર્શન ભાઈ આહીર, તથા સામાન્ય રોગ વિશેષજ્ઞ ડોક્ટર હેમલ પટેલ અને કેમી પટેલ હાજર રહ્યા હતા તથા કાલોલ રેફરલ હોસ્પિટલ ના વાત્સાયન કેન્દ્રના અનુભવી સ્ટાફ દ્વારા ગામ ના લોકો માટે વિવિધ પ્રકારના લોહીના ટેસ્ટ કરવામાં આવ્યા.આ કેમ્પ માં ગામ ના આશરે ૪૦૦ થી વધારે લોકો એ લાભ લીધો હતો.

લીમખેડાના ઘનશ્યામ મંદિરે ગુરુ ઘનશ્યામ પ્રભુની જન્મ મહોત્સવની ધામધૂમથી ઉજવણી



લીમખેડા : લીમખેડાના ઘનશ્યામ મંદિરે ગુરુ ઘનશ્યામ પ્રભુની જન્મ મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી જેમાં મધ્ય પ્રદેશ રાજે સ્થાન તથા ગુજરાત માંથી ગુરુ ભક્તો ઊમટી પડ્યા હતા જેમાં સવાર થી ઘનશ્યામ પ્રભુ તથા ગોપાલ ની પાદુકા પૂજન મહા આરતી તથા મહાપુજાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સૌ ભક્તોએ મોટી સખ્યામાં હાજર રહી દર્શનનો લાભ લીધો અને ધન્યતા અનુભવી હતી.

સુખસર નુતન વિદ્યાલય ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગર દ્વારા યોગ ટ્રેનરની પરીક્ષા યોજાઇ



સુખસર : ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગરના ખુબ ઉત્સાહિત, પ્રેરણાસ્ત્રોત માર્ગદર્શક ચેરમેને શ્રી આદરણીય યોગ સેવક શિશપાલજી નાઓનાં માર્ગદર્શન દ્વારા તેમજ ઝોન કો.ઓર્ડીનેટર શ્રીમતી પિન્કીબેનની સલાહ મુજબ દાહોદ જિલ્લાના સુખસર તાલુકામા નૂતન વિદ્યાલય સુખસર ખાતે યોગ ટ્રેનર ભાઇ-બહેનો ની વાયવા અને પ્રેક્ટીકલની એક્ઝામ લેવામાં આવી હતી.જીલ્લા યોગ કો. ઓર્ડીનેટર ધુળાભાઇપારગી તેમજ યોગ કોચ શંકરભાઇ કટારા તેમજ મોટી સંખ્યામાં યોગ ટ્રેનર ભાઇ બહેનોએ ભાગ લીધો હતો.અને શાંતિપૂર્ણ રીતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના પ્રોટોકોલ મુજબ વાયવા અને પ્રેક્ટીકલની એક્ઝામ પૂર્ણ કરવામાં આવી હતી.

સિંગવડમાં આંગણવાડી કેન્દ્ર દ્વારા કિશોરીઓ માટે પોષણ અને કૌશલ્યવર્ધન અભિયાન



સિંગવડ : સિંગવડની આંગણવાડી કેન્દ્રમાં ૧૪ થી ૧૮ વર્ષ સુધીની કિશોરીઓની ઓનલાઇન પોષણ ટ્રેકર એપ્લિકેશનમાં નોંધણી કરવામાં આવે છે. નોંધાયેલ કિશોરીઓને દર મહિને પૂર્ણાશક્તિના ૪ કિલોગ્રામ (૪-પેકેટ) વિતરણ કરવામાં આવે છે, જે તેમના આરોગ્ય માટે ખુબ જ ફાયદાકારક નીવડે છે. સાથે સાથે દર શનિવારે વિવિધ કૌશલ્યવર્ધન ચર્ચા નું આયોજન કરવામાં આવે છે, જેમાં કિશોરીઓને આરોગ્ય વિશે સમજ પણ આપવામાં આવે છે. તાજેતરમાં ચિત્ર સ્પર્ધા નું આયોજન કરી વિવિધ પોષણ થાળી (સમતોલ આહાર) ને ચિત્રકળા દ્વારા દર્શાવી "સહી પોષણ, દેશ રોશન" નો સંદેશ ફેલાવી જાગૃતિ ફેલાવવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

વિધાનગરી આણંદ ખાતે યોજાયેલા સમારોહમાં ટીંબાગામ આચાર્યનું સન્માન



કાલોલ : શિક્ષણ અને સમાજ સેવા ક્ષેત્રે કાર્યરત સંસ્થા બાલરક્ષક પ્રતિષ્ઠાન દ્વારા આજે, તારીખ ૦૪ ઓક્ટોબર ૨૦૨૬, રવિવાર ના રોજ સવારે ૯:૦૦ કલાકે ભાનુભાઈ આઈ. પટેલ એલિકોન હોલ, આણંદ ખાતે "નેશનલ એજ્યુકેશન ગ્લોરી એવોર્ડ" સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.
આ સમારોહમાં શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન આપનાર શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન શિક્ષણ ક્ષેત્રે સરાહનીય અને ઉત્કૃષ્ટ કામગીરી બદલ પસંદગી પામેલા શ્રેષ્ઠ શિક્ષકોને મહેમાનોના વરદ હસ્તે એવોર્ડ, ટ્રોફી અને પ્રશસ્તિપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

ભલે મંત્રી પદ ગુમાવ્યું પણ બચુ ખાબડનો દબદબો હજીયે યથાવત

દેવગઢ બારીયા પીપેરો ગામે બચુ ખાબડનો બંગલો સાફ કરવા પહોંચ્યુ નગરપાલિકાનું ફાયર ફાઈટર



(પ્રતિનિધી) દાહોદ, તા.5 ગુજરાત સરકારના પૂર્વ મંત્રી અને દેવગઢ બારીયાના ભાજપના ધારાસભ્ય બચુભાઈ ખાબડ દેવગઢબારિયા પાલિકાના ભાજપના સત્તા કારણમાં આજે પણ મંત્રીના લાડલા હુલામણા નામથી ઓળખાય છે તો છે જ, એટલું જ નહીં તેઓની સેવા કરવાની એક તક પણ ગુમાવવા કોઈ તૈયાર નથી. આ અંગે અત્યાર સુધી ચર્ચાઓ સાંભળવા મળતી હતી. પરંતુ રાજ્ય સરકારના પૂર્વ મંત્રી અને દૈવગઢ બારીયાના ધારાસભ્ય બચુભાઈ ખાબડના માદરે વતન પીપેરો ખાતે આવેલા તેઓના વૈભવી નિવાસ સ્થાન દિવાળીના તહેવારો પૂર્વે સ્વચ્છ અને સુંદર દેખાય અગર પુત્રોના કરોડો રૂપિયાના મનરેગા કૌભાંડના આક્ષેપોને ધોઈ નાખવા માટે દેવગઢ બારીયા નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ પોતાની ફરજોના કાર્યક્ષેત્રની મર્યાદાઓ ઓળંગીને ધાનપુર તાલુકાના પીપેરો ગામે પહોંચી જઈ ધારાસભ્ય બચુભાઈ ખાબડના વૈભવી મકાનને પાણીના ફુવારા સાથે સાફ-સફાઈ કરવાની કામગીરી હાથ ધરતા ભારે ગંભીર આશ્ચર્યો સર્જાયા હતા. જોકે દેવગઢબારિયાના ફાયર બ્રિગેડની આ ટીમે મંત્રીના વૈભવી મકાનની સાફ સફાઈ માટે પ્રમુખ સાહેબ ધર્મેશ કલાલ દ્વારા આદેશો ફરમાવવામાં આવતા અમોએ ચીફ ઓફિસર વૈશાલીબેન નીનામાનો સંપર્ક કરીને જરૂરી મંજૂરી માંગતા ચીફ ઓફિસરે પણ પ્રમુખ સાહેબ કહે એમ કરવા જણાવતા ફાયર ફાઈટરની ટીમને લઈને માજી મંત્રી અને ધારાસભ્ય બચુભાઈ ખાબડના બંગલાની સાફ સફાઈ કરવા માટે આવ્યા છે અને કામગીરી સંદર્ભમાં પાવતી પણ ફાડી હોવાનું જણાવ્યું હતું. જોકે દેવગઢબારિયા પાલિકા હસ્તક રહેલ ફાયર બ્રિગેડની ટીમને આપાતકાલીન સંજોગોમાં તૈયાર રહેવું પડે છે, ત્યારે ફાયર ફાઈટરની આ ટીમને અંદાજે ૨૫ કિ.મીના અંતરે આવેલા ધાનપુર તાલુકાના પીપેરો ગામે પૂર્વ મંત્રી અને ધારાસભ્ય બચુભાઈ ખાબડના વૈભવી નિવાસ સ્થાનને પાણીથી ધોઈને સ્વચ્છ કરવા માટે મોકલવામાં આવતા ભારે ગંભીર આશ્ચર્યો સર્જાયા છે. જે ફાયર બ્રિગેડ આગ કે કુદરતી આપત્તિ સમયે સામાન્ય નાગરિકોનો જીવ બચાવવા માટે સતત ખડે પગે હોવી જોઈએ તે જ ઈમર્જન્સીની સેવા વિશિષ્ટ નેતાઓની ખાનગી સેવામાં જોતરાઈ હોવાનો સનસનાટી ભર્યો મામલો સામે આવ્યો છે.

પૂર્વ મંત્રીના ઘર ધોવા માટે ફાયર ફાઈટરનો ચાર્જ રૂ. ૨૭૦૦ બળવંત ખાબડના નામે વસૂલાત કરાઈ

પૂર્વ મંત્રીના ઘર ધોવા માટે ફાયર ફાઈટરનો ચાર્જ રૂ. 2700/- બળવંત ખાબડના નામનો વસૂલાત કરાઈ સરકારી ડીઝલ, પાણી અને કર્મચારીઓનો ઉપયોગ અને જાહેર નાણાંના સંભવિત દુરુપયોગ કરવામાં આવ્યો હતો. આખરે પૂર્વ મંત્રી બચુભાઇ ખાબડ પાસેથી ચાર્જ વસુલ કરાયો. દેવગઢ બારીયા નગરપાલિકાના ફાયર બ્રિગેડના કથિત ખાનગી ઉપયોગને લઈને ગંભીર સવાલો ઉભા થયા હત. ન્યૂઝ ચેનલો તેમજ પ્રિન્ટ મીડિયામાં સમાચાર પ્રસિદ્ધ થતાં આખરે દેવગઢ બારીયા નગરપાલિકા કચેરીના કર્મચારી દ્વારા પૂર્વ મંત્રી બચુભાઈ ખાબડના પુત્ર બળવંત ખાબડ નામથી દંડ પેટે ચાર્જ રૂ. 2700/- વસુલ કરવામાં આવ્યા હોબાની માહિતી સામે આવી છે.

હાલોલમાં મહેસૂલી વિભાગના કર્મચારીઓ માસ CL પર ઉતર્યા



(પ્રતિનિધી) હાલોલ, તા.5 ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળ દ્વારા જાહેર કરાયેલા આંદોલનના ભાગરૂપે હાલોલ મામલતદાર કચેરી બહાર કર્મચારીઓએ વિરોધ નોંધાવ્યો હતો. મહેસૂલી કર્મચારીઓના જણાવ્યા મુજબ, બઢતી અને બદલી, ગ્રેડ પે તથા પગાર ધોરણની વિસંગતતા, જોબ ચાર્ટ, સિનિયોરીટીના લાભ અને નાયબ મામલતદારોની બઢતી સહિત આશરે 14 જેટલા પ્રશ્નો લાંબા સમયથી પડતર છે. આ પ્રશ્નોના નિરાકરણ માટે સરકાર સમક્ષ વારંવાર રજૂઆતો કરવા છતાં સંતોષકારક ઉકેલ નહીં આવતા કર્મચારીઓએ આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં જોબ ચાર્ટમાંથી અન્ય વિભાગની વધારાની કામગીરી દૂર કરવી, નાયબ મામલતદારોની સિનિયોરીટી નક્કી કરી બઢતી આપવી, બઢતી બાદ શક્ય હોય ત્યાં સુધી મૂળ જિલ્લામાં પોસ્ટિંગ આપવું તેમજ જિલ્લા ફેરબદલી માટેની NOC પ્રક્રિયા દૂર કરી પારદર્શક ઓનલાઈન પ્રક્રિયા અમલમાં મૂકવી સહિતની માંગણીઓનો સમાવેશ થાય છે.મહેસૂલી કર્મચારીઓના માસ CLને કારણે હાલોલની SDM કચેરી, મામલતદાર કચેરી અને મહેસૂલ વિભાગને લગતી વિવિધ કામગીરી પર અસર થવાની શક્યતા છે.

રણધીપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી

હીરાપુર-પાણીવેલા ડુંગર પર યુવક-યુવતીનો આપઘાત, પથકમાં અરેરાટી



(પ્રતિનિધી) સિંગવડ, તા.5 સિંગવડ તાલુકાના હીરાપુર અને પાણીવેલા ગામ વચ્ચે આવેલા ડુંગરાળ વિસ્તારમાંથી એક અત્યંત કરુણ ઘટના સામે આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ફોફણ ગામનો યુવક અને નીનામાની વાવ ગામની યુવતીએ કોઈ અગમ્ય કારણોસર ડુંગરના એકાંત ભાગમાં પોતાનું જીવન ટૂંકાવ્યું હતું. બંને મૃતદેહ એક જ સ્થળેથી મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

ઘટનાની જાણ સ્થાનિક લોકોને થતાં તાત્કાલિક રણધીપુર પોલીસને જાણ કરવામાં આવી હતી.

રણધીપુર પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જઈ બંને મૃતદેહોને કબજે લીધા હતા. પોલીસ દ્વારા બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે દાહોદ સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા છે. આ બંનેએ આત્યંતિક પગલું કયા કારણોસર ભર્યું તે હજુ સુધી અકબંધ છે. રણધીપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ઝાલોદના ગામડી પૂર્વમાં ગ્રામસભા મુદ્દે વિવાદ, TDOને આવેદન



(પ્રતિનિધિ) ઝાલોદ,તા.5 ઝાલોદ તાલુકાના ગામડી (પૂર્વ) ગ્રામ પંચાયતમાં તા. 2 ઓક્ટોબરે યોજાયેલી ગ્રામસભાને લઈને વિવાદ સર્જાયો છે. ગ્રામસભા અંગે પૂરતી પૂર્વ જાણ કરવામાં આવી ન હોવા તેમજ એજન્ડા જાહેર કર્યા વિના ગ્રામસભા યોજાઈ હોવાના આક્ષેપ સાથે આશરે 51 ગ્રામજનો અને ચૂંટાયેલા સભ્યોએ તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું છે. અરજદારોના જણાવ્યા મુજબ ગ્રામસભા અંગે અગાઉથી જાહેર પ્રચાર-પ્રસાર, નોટિસ બોર્ડ પર જાહેરાત તથા એજન્ડા સાથે ગ્રામજનોને જાણ કરવાની પ્રક્રિયા કરવામાં આવી નહોતી. ગ્રામસભામાં જરૂરી કોરમ પૂર્ણ થયો હતો કે કેમ અને કાર્યવાહી નિયમસર થઈ હતી કે કેમ તેની તપાસની પણ માંગ કરાઈ છે. આ ઉપરાંત કેટલાક લાભાર્થીઓની પસંદગી તથા ઠરાવ બુકમાં થયેલી નોંધ અંગે પણ અરજદારોએ શંકા વ્યક્ત કરી છે.

ઝાલોદ કોર્ટનો ચુકાદો: ૧૦ લાખના ચેક રિટર્ન કેસમાં પટાવાળાને ૨ વર્ષની જેલ

(પ્રતિનિધિ) દાહોદ,તા.5 ઝાલોદ કોર્ટે નાણાકીય લેવડ-દેવડના ચેક બાઉન્સના એક મહત્વપૂર્ણ કેસમાં કડક ચુકાદો આપ્યો છે. મકાન બનાવવા માટે લીધેલા નાણાં પરત ન કરવાના મામલે વેલપુરા પ્રાથમિક શાળાના પટાવાળાને દોષિત ઠેરવતા અદાલતે ૨ વર્ષની સાદી કેદની સજા અને મૂળ રકમથી ડબલ એટલે કે ૧૪,૦૦,૦૦૦/- (ચૌદ લાખ રૂપિયા) વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે.ઝાલોદ મુકામે આર્યા પ્રોવિઝન સ્ટોર ચલાવતા ફરિયાદી માળી ચીરાગકુમાર કેશવલાલ સાથે વેલપુરા ડુંગરી ફળિયામાં રહેતા અને વેલપુરા પ્રાથમિક શાળામાં પટાવાળા તરીકે ફરજ બજાવતા ઈશ્વરભાઈ ખીમજીભાઈ વસૈયાને મિત્રતાના સંબંધો હતા. વર્ષ ૨૦૨૨ના ઓક્ટોબર માસમાં મકાન બનાવવા માટે નાણાકીય જરૂરિયાત ઊભી થતાં આરોપીએ ૪ માસના સમય માટે ૧૦,૦૦,૦૦૦/- હાથ ઉછીના માંગ્યા હતા. ફરિયાદીએ પોતાની પાસે ઉપલબ્ધ ૭,૦૦,૦૦૦/-આપ્યા હતા. જેની સામે આરોપીએ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (SBI) દાહોદ શાખાનો ચેક આપ્યો હતો. સમયમર્યાદા બાદ આ ચેક બેંકમાં નાખતા અપૂરતા ભંડોળના કારણે રિટર્ન થયો હતો.ઝાલોદના સેકન્ડ એડિશનલ સીનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં આ કેસ ચાલી ગયો હતો. ફરિયાદી પક્ષના વકીલ પી.ડી. ભાટિયાની દલીલોને ધ્યાને રાખી ન્યાયાધીશ નેહારીકા રાઘવ દ્વારા આરોપી ઈશ્વરભાઈ વસૈયાને કલમ ૧૩૮ મુજબ દોષિત ઠેરવી ૨ વર્ષની જેલઅને ૧૪ લાખ વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે.

ગુજરાત રેન્ટ એક્ટ વિરોધમાં ફતેપુરા બાર એસોસિએશનનું વિરોધ પ્રદર્શન



(પ્રતિનિધિ) સુખસર,તા.5 બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના આદેશ અનુસાર આજરોજ ગુજરાત રાજ્યની તમામ કોર્ટોમાં એક દિવસની હડતાળ જાહેર કરવામાં આવી હતી. જેના ભાગરૂપે ગુજરાત રેન્ટ એક્ટ 2026 તથા વકીલોના હિતને અસર કરતી જોગવાઈઓના વિરોધમાં ફતેપુરા બાર એસોસિએશન દ્વારા આજરોજ વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યો હતો. આજરોજ સવારે 10:45 કલાકે ફતેપુરા કોર્ટના ગેટ આગળ ફતેપુરા વકીલ મંડળના પ્રમુખ પંકજભાઈ પંચાલ તથા ઉપપ્રમુખ એ.ડી રાઠોડ અને ફતેપુરાના તમામ સિનિયર તથા જુનિયર વકીલો એકતા સાથે જોડાયા હતા અને "વકીલ એકતા ઝિંદાબાદ" અને "ન્યાય માટે સંઘર્ષ - એકતા જ અમારી શક્તિ" ના નારા લગાવી વિરોધ નોંધાવ્યો હતો.આ દિવસ દરમ્યાન ફતેપુરા કોર્ટમાં કામકાજથી અળગા રહ્યા હતા.

પીપલોદ ગામના બજારમાં ચકચારી ઘટના

એલસીબી પોલીસની ખોટી ઓળખ આપી એક વ્યક્તિ પાસેથી રૂપિયા ૪૦ હજાર કઢાવી દીધા

પોલીસનો સ્વાંગ રચનાર વ્યક્તિ પત્રકાર હોવાનું સામે આવતા પત્રકાર આલમમાં ફિટકારની લાગણી

(પ્રતિનિધી) દાહોદ, તા.4 પંચમહાલ જિલ્લાના સંતરોડ ગામે પોલીસ ચોકીની સામે રહેતા પ્રકાશભાઈ કાંતિલાલ પટેલ પીપલોદ બજાર માં લારી ગલ્લા વાળાઓ પાસેથી કેસ કલેક્શનના નાણાં ઉઘરાવવાનું કામ કરતા હોય ગત તારીખ ૧ ઓક્ટોબરના રોજ બપોરના બે વાગ્યાના સુમારે તેઓ પિપલોદ બજારમાં કેસકલેક્શનના નાણા ઉઘરાવવા આવ્યા હતા તે વખતે પીપલોદ ગામના ભયલુ દુબે ઉર્ફે અબ્દુલ કાદિર મોહમ્મદભાઈ શેખ નામના વ્યક્તિએ કેશકલેક્શનના નાણાં ઉઘરાવી રહેલા પ્રકાશભાઈ પટેલ પાસે આવી પોતે એલસીબી પોલીસ હોવાની પોતાની ખોટી ઓળખ આપી તેમ જ કેશકલેક્શનનો વ્યાજનો ખોટો ધંધો કરો છો, તમોને પોલીસ સ્ટેશનમાં લઈ જવાના છે અને કાર્યવાહી કરવાની છે તેમ કહી ધાક ધમકી આપી હતી. અને કેસની પતાવટ અહીંજ કરવી હોય તો રૂપિયા એક લાખ આપી દો, કારણ કે પોલીસ સ્ટેશનમાં ગયા બાદ તમામ કાર્યવાહી કાયદેસરની થશે. તેમ કહી રૂપિયા એક લાખની માંગણી કરી હતી અને ભારે રકઝકને અંતે રૂપિયા ૬૦ હજાર પર આવી વાત એટકી હતી અને ત્યારબાદ પ્રકાશભાઈ પટેલના મોબાઈલથી ભયલુ દુબે ઉર્ફે અબ્દુલકાદિર મોહમ્મદભાઈ શેખના વડોદરા-ગુજરાત ગ્રામીણ બેંકના ખાતામાં શુટ્ટી પે પર બે વખત ૨૦-૨૦ હજારનું ટ્રાન્ઝેક્શન કર્યું હતું અને રૂપિયા ૨૦ હજારનું ટ્રાન્ઝેકશન કર્યું હતું. પરંતુ તે ટ્રાન્ઝેકશન ફેલ થયું હતું જેથી બાકીના રૂપિયા ૨૦ હજાર આવતીકાલે નાખવાનું કહ્યું હતું આમ અબ્દુલકાદિર શેખ પ્રકાશભાઈ પટેલ પાસેથી રૂપિયા ૪૦ હજાર બળજબરીથી કઢાવી લીધા હતા.

દાહોદ પ્રકૃતિ મિત્ર મંડળ દ્વારા બે માથા ધરાવતો સાપ રેસ્ક્યુ કરાયો

દાહોદ : દાહોદ, પ્રકૃતિ મિત્ર મંડળ, દાહોદ દ્વારા વિવિધ પ્રજાતિના વન્ય જીવોના રેસ્ક્યુ કરી બચાવી લેવાતા હોય છે ત્યારે જોગાનુજોગ મંડળના સ્થાપ ના દિવસે તા.૪ ઓક્ટોબરે જ રેસ્ક્યુનો એક એવો કિસ્સો સામે આવ્યો છે જેણે વન્યજીવ નિષ્ણાતો અને પર્યાવરણ પ્રેમીઓને ભારે આશ્ચર્યમાં મુકી દીધા છે. પ્રકૃતિ મિત્ર મંડળન રેસ્ક્યુઅર ટીમે, દાહોદ વનવિભાગના સહકાર થકી દાહોદ અને સંભવિત સમગ્ર રાજ્યમાં પહેલી જ વખત અત્યંત દુર્લભ ગણાતો અને બે સ્વતંત્ર મોઢા ધરાવતો વુલ્ફ સ્નેક (વરુદંતી - Wolf Snake) રેસ્ક્યુ કર્યો છે. સામાન્ય રીતે વુલ્ફ સ્નેક (વરુદંતી) એ એક એવો બિન-ઝેરી સાપ છે, જે માનવજાત માટે બિલકુલ હાનિકારક હોતો નથી.

દાહોદ બિરસા મુંડા સર્કલ નજીક રોડ પરથી અફીણના જીંડવા સાથે એક મહિલા પકડાઈ



(પ્રતિનિધી) દાહોદ, તા.5 ગાંધી જયંતીના દિવસે રાત્રિના સમયે દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસની ટીમ શહેરમાં પોતાના પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ભાટવાડા પ્રાથમિક સ્કૂલની દિવાલ પાસેથી માથે પ્લાસ્ટિકના કોથળા મૂકી પસાર થઈ રહેલી એક આધેડ મહિલાને રોકી તેના માથે મુકેલ પ્લાસ્ટિકના થેલાઓમાં શું છે તે બાબતે પૂછપરછ કરતાં તે આધેડ મહિલાએ જવાબ આપવામાં ગલ્લા ગલ્લા કરતા અને સંતોષકારક જવાબ ન આપતા પોલીસની શંકા દ્રઢ બની હતી અને પોલીસે તેના પોટલાંની તલાસી લેતા પોટલામાંથી રૂપિયા ૧,૩૪,૧૭૫/-ની કિંમતનો ૮.૯૪૫ કિલોગ્રામ કુલ વજનનો પ્રતિબંધિત એવા માદક પદાર્થ અફીણના જીંડવા (પોષડોડા) નો જથ્થો પકડી પાડી કબજે લઈ ઝડપાયેલી મહિલાએ પોતાનું નામ ૪૮ વર્ષીય કમલીબેન લખિયા ઉર્ફે લક્ષ્મણભાઈ મેઘાજી રાઠોડ રહેવાસી કલ્યાણપુરા અંબિકા ચોક, તાલુકા/જિલ્લા ઝાબુઆ જણાવ્યું હતું.